આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬
વર્ષના બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં
આંગણવાડી કેન્દ્રો ઉપર સુખડી બનાવી
લાભાર્થીઓના ઘરે વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા:૧૭/૦૩/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮/બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા:૩૦/૦૫/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮/બ

આમુખ:-

નોવેલ કોરોનો વાયરસ NCOVID-19 સામે સાવચેતીના પગલા રૂપે સરકારશ્રી દ્વારા તા: ૧૬/૦૩/૨૦૨૦ થી તમામ આંગણવાડીઓમાં બાળકોને બોલાવવાનું મોકુફ રાખ્યુ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી અન્ન સલામતિ કાયદો-2013 ને ધ્યાનમાં રાખી આંગણવાડીમાં આવતા ૧૬.૧૮ લાખ બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં બાલશક્તિ ટેક હોમ રેશન આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ અનાજ અને તેલના જથ્થાનો ઉપયોગ કરી અઠવાડિયામાં સુખડી તૈયાર કરી બાળક દિઠ એક અઠવાડિયાની એક કિલોગ્રામ સુખડી પ્રમાણે જુન-૨૦૨૦ સુધી લાભાર્થીઓના ઘરે વિતરણ કરવામાં આવેલ છે.

નોવેલ કોરોના વાયરસ NCOVID-19ના કારણે સાવચેતીના ભાગ રૂપે તમામ આંગણવાડીઓમાં બાળકોને બોલાવવામાં આવતા નથી. આથી હાલમાં સમગ્ર રાજ્યમાં વધતા જતા કોરોનાના કેસની સંખ્યા અને હાલની પરિસ્થિતી જોતા આંગણવાડીના અતિ સંવેદનશીલ જુથના લાભાર્થી જેવા કે ૩ થી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતાઓ, ધાત્રીમાતાઓ માટે આંગણવાડી ઉપર સેવાઓ શરૂ કરવી હિતાવહ નથી.

ઠરાવ :-

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા: ૩૦/૫/૨૦૨૦ ના ઠરાવની તમામ સુચનાને યથાવત રાખી જ્યા સુધી આંગણવાડીઓ પુન:શરૂ કરવામાં ન આવે ત્યા સુધી આંગણવાડીઓ ઉપર આપવામાં આવતા આહારની અવેજીમાં આંગણવાડીના બાળકોને ઘરે સુખડી આપવા આથી ઠરાવવામાં આવે છે.

સરકારશ્રીની તા.૩૦/૦૬/૨૦૨૦ ની મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARchristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
(૨) માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવલાય, ગાંધીનગર
(૩) માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવલાય,ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૭) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................
(૮) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. .......................
(૯) વિભાગીય નાયબ નિયામકશ્રી(આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
(૧૦) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી,જિ. ..........
(૧૧) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ),મ્યુનિસિપલ કોર્પોરેશન,મ્યુ.કો...........
(૧૨) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
(૧૩) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીગ ફેડરેશન, આણંદ
(૧૪) શાખા સિલેક્ટ ફાઇલ